# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન એ. વીંગ રૂમ નં. ૧૦૭ થી ૧૧૧ અમરેલી
ફોન અને ફેકસ નં. (૦૨૭૯૨) ૨૨૨૯૩૬
E-mail: amrelideo@gmail.com Website: www.deoamreli.com


YEARS OF CELEBRATING THE MAHATMA

સત્યમેવ જયતે

ક્રમાંક : જી.પી.એફ./આખરી ઉપાડ/૨૦૨૦-૨૧

તા. ૨૦/૦૧/૨૦૨૧

પરિપત્ર નં. - ૬૫૧

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
જી. અમરેલી

**વિષય: બિન. સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષકો/કર્મચારીઓનાં જી.પી.એફ.ની આખરી ઉપાડની દરખાસ્ત અંગે.**

આથી આ જીલ્લાનાં તમામ આચાર્યશ્રી/આચાર્યાશ્રીઓને જણાવવામાં આવે છે કે, જે શાળાના કર્મચારી નિવૃત્ત થવાના હોય તે કર્મચારીએ તેની નિવૃત્તિના મહિનાનાં અગાઉ છ માસ પૂર્વે તેની જી.પી.એફ. ની કપાત સ્વેચ્છાએ બંધ કરવી તેમજ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી, સ્થાનિક ભંડોળ હિસાબ, અમરેલી નો પરિપત્ર અન્વયે કર્મચારીએ તેની નિવૃત્તિના મહિનાના અગાઉ ત્રણ માસ પૂર્વે તેની જી.પી.એફ. ની કપાત ફરજીયાત બંધ કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, શાળાના તા. ૩૧/૦૫/૨૦૨૦ તેમજ તે અગાઉ નિવૃત્ત થયેલ કર્મચારીઓ તેમજ તા. ૩૧/૧૦/૨૦૨૦ નાં રોજ નિવૃત્ત થયેલ કર્મચારીઓની આખરી ઉપાડની દરખાસ્ત આ પરિપત્ર મળ્યે તાત્કાલિક રજુ કરવી તથા દરેક કમર્ચારીઓની જન્મ તારીખ પ્રમાણે તેમની નિવૃત્તિની તારીખ નક્કી થતી હોય તે મુજબ તેમના આખરી ઉપાડની ગણતરી થતી હોવાથી નિવૃત્તિના તરત જ પછીના મહીને આખરી ઉપાડની દરખાસ્ત રજુ કરવાની રહેશે અન્યથા કર્મચારીનાં જી.પી.એફ. નાં વ્યાજનો પ્રશ્ન ભવિષ્યમાં ઉપસ્થિત થશે તો અત્રેની કચેરીની કોઈ જવાબદારી રહેશે નહી. આ બાબતે કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આચાર્યશ્રીની અંગત જવાબદારી રહેશે. જેની નોંધ લેવા વિનંતિ સહ ....

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

| જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી<br>સ્થાનિક ભંડોળ હિસાબ<br>અમરેલી | |
|---|---|
| (૦૨૭૯૨) ૨૨૩૯૧૨ | તિજોરી કચેરી ઉપર, બીજો માળ, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી-૩૬૫૬૦૧ |

તા. ૧૨/૦૧/૨૦૨૧

નંબરઃ-એલ/એઆરએલ/ પ્રો.ફંડ કપાત / ૦૧/૨૦૨૧/૨૭૩

પ્રતિ,

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૪૧૭
શાખાનું નામ: GPF
તારીખ: ૨૦।૧।૨૧
સહી:

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી (જી.પં.)
અમરેલી

(૨) હિસાબી અધિકારીશ્રી,
જીલ્લા પંચાયત કચેરી
અમરેલી

વિષય- વય નિવૃતિના ૩ (ત્રણ) માસ અગાઉ સામાન્ય ભવિષ્ય નિધિની કપાત બંધ કરવા બાબત.

ઉપરોક્ત વિષયે સવિનય જણાવવાનું કે પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પરિપત્ર નં.ડીપીપી/જીપીએફ/કન્ટ્રોલ/૪૬૫, તા.૨૪/૧૨/૨૦૨૦ ના પરિપત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે. જે મુજબ આપની કક્ષાએથી કાર્યવાહી થવા વિનંતિ છે.

બિડાણ- ઉપર મુજબ

12/01/2021

જીલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
અમરેલી

નકલ રવાના

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા શિક્ષણ કચેરી,બહુમાળી ભવન.અમરેલી.

(૨) ચીફ ઓફીસરશ્રી,નગર પાલિકા કચેરી.................................

(૩) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમરેલી

૬૪
૨૦/૦૧/૨૦૨૧

# પેન્શન અને પ્રોવિડન્ટફંડ નિયામકશ્રીની કચેરી,

ગુજરાતરાજ્ય, વિમા અને લેખા ભવન,
ડો. જીવરાજમહેતા ભવન સંકુલ, બ્લોકનં.-૧૮
સેકટર-૧૦-બી, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ફેક્સ (૦૭૯) ૨૩૨૫૩૯૦૬
નિયામક-૨૩૨૫૩૨૧૩ (અંગત)
સંયુકતનિયામક-૨૩૨૫૬૫૧૭.
કચેરી,-૨૩૨૫૩૨૧૧, ૨૩૨૫૬૫૬૪.

તા.૨૪/૧૨/૨૦૨૦

પત્રજાવકનં.-ડીપીપી/જીપીએફ/કન્ટ્રોલ/ ૪૬૫

**વંચાણેલીયુ**

(૧) સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો-૧૯૬૦ ના નિયમ ૩૧(૫)

(૨) નાણા વિભાગના જી.આર.નં.:- GRFD NO. PFR- 2077-1802-CH, Dated:-26/12/1977

(3) નાણા વિભાગના જી.આર.નં.:- GRFD NO. PFR- 1086- 372- CH, Dated:-12/05/1986

**પરિપત્ર:**

મુંબઇ જનરલ પ્રો.ફંડ નિયમો ૧૯૬૦ના નિયમો હેઠળ જે સરકારી અધિકારી/કર્મચારી સભ્ય બનેલા હોય તેઓએ નિવૃત્તિ સમયે આખરી ઉપાડ અંગેના નિયમ-૩૧ તથા નાણા વિભાગના જી.આર.નં.:- GRFD NO. PFR- 1086- 372- CH, Dated:-12/05/1986 અન્વયે નિવૃત્તિના ૩(ત્રણ) માસ અગાઉ તેઓના જીપીફંડની કરવામાં આવતી કપાત ફરજીયાત પણે બંધ કરવાની ઠરાવવામાં આવેલ છે. તેઓની જીપીફંડની કપાત ચાલુ રાખે તો તેઓના જીપીફંડના હિસાબોના આખરી ચુકવણામાં વિલંબ થાય છે .આ બાબતે એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, રાજકોટ દ્વારા પણ ધ્યાન દોરવામાં આવેલ છે. જો નિવૃત્તિના ૩(ત્રણ) માસ અગાઉથી જીપીફંડની કપાત બંધ કરવામાં આવેતો નિવૃત્ત થનાર સરકારી અધિકારી/કર્મચારીને નિવૃત્તિ બાદ તરત જ આખરી ચુકવણું થઇ શકે. વધુમાં નાણા વિભાગના જી.આર.નં.:- GRFD NO. PFR- 2077-1802-CH, Dated:-26/12/1977 અન્વયે એક વખત આખરી ચુકવણા માટે અરજી કરવામાં આવે ત્યાર પછી જીપીફંડમાંથી કોઇપણ પ્રકારનો ઉપાડ/પેશગી લઇ શકાય નહી. આથી અધિકારી/કર્મચારીના જીપીફંડની કપાત નિવૃત્તિના ૩(ત્રણ) માસ અગાઉ બંધ કરવા અને આ ઉક્ત ઠરાવની જોગવાઇનો ચુસ્તપણે અમલ થાય તે જોવા દરેક ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીને આથી જણાવવામાં આવે છે.

(એસ.એસ. ઠાકરે)
નિયામક

નકલરવાના:

૧. નાયબ સચીવશ્રી, ઘ/પી/ચ શાખા નાણાવિભાગ, બ્લોકનં.-૪, નવાસચિવાલય, ગાંધીનગર.
૨. એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ.
૩. તમામ ખાતાના વડાશ્રીઓ.
૪. તમામ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓ.
૫. સંયુક્ત નિયામક ઇડીપીસેલ હિતિનિ કચેરીને IFMS Home page પરપરિપત્રની લિંક મુકવા સારૂ.